સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

તરસ્યાં પિડીતોને આશાને અવાડે ચઢાવે છે,
પગલાં લીધા વિના વાદોના ભવાડે ચઢાવે છે,
સરવાળે શૂન્ય હશે પરિણામ, મથામણનું -
કાયદો કર્યા પ્હેલાં 'નામ'ના રવાડે ચઢાવે છે
(કાયદા નું નામ શું રાખવું?)

આપે સલાહ,
કડક કાયદાની -
જગત આખું!!
('ચુનો' ની સલાહ)

અમે તો ખાધા!
હવે તમારો વારો -
ચાખો તમાચો!
('સુપ્રીમ' - લપડાક)

ચિંતન

ધૃતિઃ શમો દમઃ શૌચં કારૂણ્યં વાગનિષ્ઠુરા ।
મિત્રાણાં ચાનભિદ્રોહઃ સપ્તૈતાઃ સમિધઃ શ્રિયઃ ॥

વિદુરનીતિનો આ શ્લોક છે :

'ધૈર્ય, શાંતિ, સંયમ, પવિત્રતા, કરૂણા, કોમળ-નમ્ર વાણી તથા મિત્રોથી વફાદારી (દ્રોહ ન કરવો), આ સાત સદ્‌ગુણો બાબતો લક્ષ્મી માટે ઉદ્દીપક છે એટલે કે યજ્ઞકુંડમાં જેમ સમિધ ઉમેરવાથી અગ્નિ પ્રજ્જવલિત થાય છે તેમ લક્ષ્મીની પ્રાપ્તિ માટે આ સાત સદ્‌ગુણો પણ હવનકુંડના સમિધ જેવા છે જેનાથી લક્ષ્મીની વૃદ્ધિ થાય છે.'

લક્ષ્મી તો ગુણીજન છે, ગુણવાન છે તેને જ વરે છે, અર્થાત્ એવાની પાસે જ જાય છે, આ શ્લોકમાં એવા સાત સદ્‌ગુણોની વાત છે.

કોઇ પણ કાર્ય-નિર્ણય- કે પરિસ્થિતિમાં ધીરજ ધરવી એ બુધ્ધિ-ચતુરાઇનો પ્રથમ સદ્‌ગુણ છે.

વાતવાતમાં ઉશ્કેરાઇ જવું, અધિરાઇ પૂર્વક બેબાકળા થઇ શાંતિ ગુમાવવી એ 'દુર્ગુણ' છે. કોઇ પણ પરિસ્થિતિમાં 'શાંતિ'થી વિચલિત ન થવું. સંયમ રાખવો.

મન-વચન-કર્મમાં છળકપટ નહીં પણ નિખાલસ આચરણ જેવું હૈયે હોય એવું હોઠે અને વર્તનમાં હોવું જોઇએ.

વાણીમાં વિનય-વિવેક-નમ્રતા રાખવી.

કોઇનો પણ દ્રોહ-વિરોધ ન કરવો, સૌ સાથે સંપીને પ્રેમથી રહેવું.

આ સાત ગુણોથી લક્ષ્મી રીઝે છે.

સુવિચાર

- ભલે કોઇ તમારી વાત સમજે કે ન સમજે પરંતુ તમારી વાત-વિચાર હંમેશાં સંક્ષેપમાં જ કહો - બર્નાર્ડ
- તમારા કોઇ પણ ભાવની અભિવ્યક્તિ મૌન કે ખૂબ જ ઓછા શબ્દમાં વ્યક્ત કરો, એની અદ્‌ભૂત અસર થશે - એસ. ભટ્ટાચાર્ય
- તમે જેટલું ઓછું બોલશો તેટલું લોકોને વધારે યાદ રહેશે, અને ઓછું બોલવાનો તમને જ લાભ છે જ - ફ્રીનવેન
- અલ્પ શબ્દોમાં કરેલી પ્રાર્થના અધિક સુંદર લાગે છે - બૂથર
- સંક્ષેપ જ બુધ્ધિમતા અને પ્રતિભાનો આત્મા છે - અનામી
- જે પોતાની જીભ પર નિયંત્રણ રાખી શકે છે તેનું જીવન પર નિયંત્રણ હોય છે બેકાબૂ જીભ નાશ નોતરે છે - બાઇબલ
- મૌન ક્યારેક વાણી કરતાં પણ અધિક વાચાળ હોય છે - ગાંધીજી

બોધ કથા

આ વર્ષે દિવાળીમાં મજા ન આવી.. તો કોઇ કહે આ વર્ષે 'નવરાત્રી' જામી નહીં. આ વર્ષે હોળી ઉજવી ખરી પણ 'રંગવા'ની મજા કે ઉત્સાહ નો'તો.. વળી કોઇ પત્નીને જન્મદિવસ ભૂલી જવાની કે કોઇ પતિને 'લગ્નતિથિ' ભૂલાઇ ગયાનો અફસોસ હોય છે..

વાર્તા માત્ર એટલી જ છે.

કોઇ કામ, પ્રસંગ, ઉત્સવ, ઉજવણી જાતે તો નિરસ હોતાં જ નથી. ઉંડેથી વિચારી આત્મમંથન કરીએ તો આપણે જ નીરસ થતાં જઇએ કે હોઇ છીએ. કામ કરવું અને પતાની નાખવું. એમાં આકાશ પાતાળનો ભેદ હોય છે પતાવટ ખાતર કરેલું કામ ખોટી મહેનત લાગે છે, જીવ રેડીને-ઓતપ્રોત થઇ, પ્રેમ અને ઉત્સાહથી કરેલું કામ 'કામ' કહેવાય એ કામ ખૂદ દીપી ઉઠે અને કરનારને પણ આનંદ આપે.

સ્ત્રી-પત્ની-માતા-રસોયણ જ્યારે રસોઇ કરે છે ત્યારે ક્યારે કે માત્ર 'કર્તવ્ય'નો જ સ્વાદ આવે તો ક્યારે પત્ની પ્રેમથી રસબસ રસોઇ લાગે, ક્યારેક વાત્સલ્યના વઘારનો પમરાટ ફેલાતો લાગે તો ક્યારેક વેઠની એંઠ માત્ર લાગે. રસોઇ-રસોડું અને સામગ્રી એ જ છે રસોઇ કરનારના રસભાવ 'સ્વાદ' બનીને થાળીમાં આવે છે.

સ્વેટર ગૂંથતી પત્ની - માત્ર ગરમ દોરા ગૂંથતી નથી એની તલ્લીનતામાં હૃદયના ભાવ ગૂંથાય છે, પહેરનારને એની હુંફ મળે છે.

તન-મન-પ્રેમથી કરેલું કામ જ આનંદ આપે છે.

સ્ત્રી : મહાભારત થી ઇન્ક્રેડિબલ ઇન્ડિયા સુધી

આજે પણ લગભગ એવું જ છે - ધૂર્તસભા જેવું જ. મહાભારતની પ્રાચીનતમ પ્રખ્યાત ઘટનાની ચીસોનાં પડઘાં આજે પણ પડી રહ્યાં છે - સ્ત્રી ફ્રી કેન્દ્રમાં છે અને પુરૂષ પરિઘમાં. બળાત્કાર કે ચીરહરણ પિતસત્તાત્મક - "વ્યવસ્થા"ની ચરમ "અવ્યવસ્થા" છે.

વિશ્વભરની તમામ સંસ્કૃતિઓ એક રીતે પુરૂષ સંસ્કૃતિ જ છે. સમાજ અને સંસ્કૃતિનાં તમામ સ્તરોમાં જાતીય અસાનતા જોવા મળે છે. ઉત્ક્રાંતિના આટલાં વર્ષોમાં સ્ત્રીઓની સ્થિતિ આશ્ચર્યજનક છે - ઘણીખરી સ્ત્રઈઓ પોતાની સ્થિતિ તદ્દન પ્રાકૃતિક કે નૈસર્ગિક માને છે. અર્થાત્ ઇતિહાસમાં ગુલામો, શુદ્રો, મજદૂરો કે શોષિતોનાં સમૂહ તરીકેનો અન્યાયબોધ છે, પણ કેટલીક સ્ત્રીઓ તે પણ નથી જાણતી કે અન્યાય એટલે શું? કદાચ એટલે જ પડઘા અને બુરખાની કેદ પણ તેને ગર્વાંકિત કરે છે. આપણી પરંપરાઓએ ગુલામીને એટલી હદે ગ્લોરીફાય કરી નાખી છે કે કેટલાંક વર્ષો પૂર્વે સ્ત્રીઓનાં શબ્દકોશમાં કદાચ "આત્મ સમ્માન" નામનો શબ્દ હશે - એવું ભાગ્યે જ કોઇ પુરૂષે વિચાર કર્યો હશે.

સમાજનાં કે સભ્યતાનાં પતન, પાપ, કલિયુગ અનિચ્છિત ઘટનાઓ માટે સ્ત્રીને જવાબદાર ઠરાવવાનો રિવાજ છે. કેટલાંક વડીલ ઓટલા - વિદ્વાન અને ગલ્લાં - પંડિતો આજે પણ હજારો પુરૂષોથી ભરેલી મહાભારત અને રામાયણનું કારણ દ્રૌપદી અને સીતામાં શોધે છે. પોતાની તમામ સંપત્તિ હાર્યા બાદ પાંડવો દ્રૌપદીને જુગારનાં પાસામાં નાંખે છે કેમ કે દ્રૌપદી અંતિમ "સંપત્તિ" હતી. જંગલોમાં ફરતાં શિકારી કે આખેટ સમૂહો જયારથી સ્થાયી કૃષક - સમાજ બનવા લાગ્યા ત્યારથી જ ક્રમશઃ સંપત્તિનાં પ્રારંભિક વિચારો પેદા થયા. અનાજ પેદા કરતી ભૂમિ અને બાળકને જન્મ આપતી સ્ત્રી બંને પુરૂષની સંપત્તિ ગણાવા લાગ્યા. કેટલાંક પ્રારંભિક સમાજોમાં સ્ત્રીઓની મહત્તા અને સ્થાન ઊંચા હતા. સિંધુ સભ્યતામાં સંભવતઃ જીવિત માતૃદેવીની પૂજા થતી હતી. ઋગ્વૈદિક કાળ સુધી સુધી સ્ત્રીઓની સ્થિતિ પ્રમાણમાં ઉન્નત હતી પરંતુ ઉત્તર વૈદિકકાળ પછી માત્ર સમયનાં કે સ્થળનાં કેટલાંક ટુકડાઓ જ છે જયાં સ્ત્રીનું સ્થાન પુરૂષની સમકક્ષ હોય. સપ્તવાહનોનાં સમયમાં રાજા તેમની માતાનાં નામે ઓળખાતાં જેમ કે ગૌતમી પુત્ર, શાસકર્ણી, રાજયનો ઉત્તરાધિકાર વંશપરંપરાગત તેમજ જયેષ્ઠ પુત્રાધિકાર બનતો ગયો છતાં ઇબ્નુતમિશ પોતાની દીકરી રઝિયાને પુત્રો કરતાં વધુ શાસનયોગ્ય માને છે. પરંતુ આવા છૂટાછવાયા ઉદાહરણો કદી સંપૂર્ણ ચિત્ર આપી ના શકે. કેટલાંક પોપટ પંડિતોને સ્ત્રીઓની ચર્ચામાં ગાર્ગી, અપાલા, મૈત્રેયી જેવા ત્રણ-ચાર નામો આપી પુરૂષોનું બચાવનામુ રજૂ કરવાની આદત પડી ગઇ છે. પ્રાચીનતા એટલે મહાનતા નહીં!! સ્ત્રીને સંપત્તિ ગણતી પિતૃતંત્રાત્મક વ્યવસ્થામાં સ્ત્રી પાસે એટલી બધી અપેક્ષાઓ રાખી કે સ્ત્રી મૃત્યુ સમયે પણ પતિની સાથ આપે જેવી સ્વર્ગમાં પણ તેની "સેવા" કરી શકે. સતિ પ્રથાનો પ્રથમ અભિલેખીય પુરાવો ઇ.સ. ૫૧૦ માં ગુપ્તકાળમાં મળે છે. ૧૪મી સદીમાં મોરક્કોથી આવેલો યાત્રી ઇબ્નુ-બતૂતા ઢોલ નગારાનાં અવાજો વચ્ચે ચિતા પર સળગતી સતીનુ વર્ણન કરે છે. એ સમયે સતી થવા માટે રાજા રામમોહન રાયનાં પ્રયત્નોથી વિલિયમ બેન્ટિક ૧૮૨૯માં સતીપ્રથા નિષેધ કાયદો પસાર કરે છે, શિક્ષણ, સંપત્તિ અને અધિકારોથી દૂર રહેલી મહિલાઓની કથા - વ્યથા - વાર્તા - સ્ટોરી - સમાચાર આપણે આજે પણ સાંભળીએ છીએ. આજે પણ આપણે લગ્નોમાં કન્યાનું દાન કરીએ છીએ. કેમ કે, પુત્રી એ પિતાની સંપત્તિ છે. એવી વર્ષો જૂની માન્યતાનાં અવશેષ સ્વરૂપે આ શબ્દ આજે પણ પ્રચલિત છે.

સ્ત્રીઓની સ્થિતિનો આ ઐતિહાસિક સંદર્ભ ફક્ત ભારત પૂરતો જ સીમિત છે એમ નથી. દુનિયાની લગભગ તમામ સંસ્કૃતિઓમાં સ્ત્રીઓની સ્થિતિ અસમાન જ રહી છે. હાલની જ ઘટના છે. જેમાં આર્યલેન્ડનાં ડોકટરોએ મેડિકલ ઇમર્જન્સીમાં એક ભારતીય સ્ત્રીનો ગર્ભપાત ન કરતાં તે મૃત્યુ પામી. ગર્ભપાત એટલા માટે ન કરવામાં આવ્યો કેમ કે તે આયરિશ કેથલિક કાનૂનની વિરોધમાં છે. "ધ સેકન્ડ સેક્સ"ની પ્રખ્યાત લેખિકા સિમોં દ બોવ્વારે ફ્રાસમાં ૧૯૭૦ના દાયકામાં એબોર્સનનાં કે ગર્ભપાતનાં હક્ક માટે આંદોલન ચલાવ્યું. "મેનિફેસ્ટેશન ઓફ ૩૪૩" માં તેણે એવી ૩૪૩ સ્ત્રીઓની સહીઓ લીધી. જેમણે ગર્ભપાત કરાવ્યો હતો. ૩૪૩માંથી એક સહી સિમોંની પોતાની હતી. સિમોંએ આજીવન લગ્ન નહોતા કર્યાં. "સ્વટ વોક"થી "પુસી રાયટ" સુધી ૨૧મી આધુનિક સદી પણ અવાજ ઉઠાવી રહી છે. વિચારધારાઓની ઇમારત ધ્રુજી રહી છે. નવા અને જૂના - આધુનિક અને પુરાતન ખ્યાલો અને તુક્કાઓ - નિગાહો અને નિશાનોં - સવાલો અને સવાલો વચ્ચે ઉઠેલા તોફાનોમાં સમય "કંઇક" શોધી રહ્યો છે. થડ કપાઇ જશે એવી આશા છે પણ મૂળીયાં ઉખડી જશે ખરાં? એ મૂળીયા જે હજારો વર્ષોથી "સંસ્કૃતિ" અને "સભ્યતા" અને "પરંપરા"નાં નામે એટલા ઊંડા ઊતરી ગયા છે - જેને ઉખેડવા, ઘણીવાર લાગે છે બીજા કેટલાંક વર્ષો નીકળી જશે, ખેર પણ ઇતિહાસ હંમેશા વળાંકો પર લખાયો છે. કેટલીક ઘટનાઓ યુગ પરિવર્તક સાબિત થઇ જાય છે. શું આધુનિક ભારતીય સામાજિક ઇતિહાસ દિલ્હીની સડકો પર વળાંક લઇ રહ્યો છે કે પછી આ એક અફરાતફરી-તોફાન કે આહત થયેલી લાગણીઓનો જુવાળ માત્ર છે? સવાલ માત્ર સમયનો છે... ત્યાં સુધી સમયનાં સવાલોનો જવાબ શોધીએ.

કોફી હાઉસ
- ઉત્સવ પરમાર

> શું આધુનિક ભારતીય સામાજિક ઇતિહાસ દિલ્હીની સડકો પર વળાંક લઇ રહ્યો છે કે પછી આ એક અફરાતફરી-તોફાન કે આહત થયેલી લાગણીઓનો જુવાળ માત્ર છે?

● ● ●

સિર્ફ ઢંગામા ખડા કરના મેરા મકસદ નહી,
કોશિશ હૈ કી યે સૂરત બદલની ચાહિયે

- ch9723367947@yahoo.com

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૪થી જાન્યુઆરી

● ચક્ષુવિહિનના તારણહાર પ્રચંડ પુરૂષાર્થધારી લુઇ બ્રેઇલનો જન્મ ૧૮૦૯.

એણે શોધેલી સ્પર્શલિપિ - બ્રેઇલ લિપિ તરીકે જાણીતી છે. ૪૫ વર્ષની નાની વયે સંપૂર્ણ અંધ થનારા આ મહામાનવે ચક્ષુહિન લોકોમાં જ્ઞાનનાં અજવાળા પાથર્યાં.

● ૧૮૮૦ - લોકમાન્ય ટિળકે કેસરી નામનું છાપું કાઢ્યું.

● ૧૪૨૪ - અમદાવાદની જુમ્મા મસ્જિદનું બાંધકામ કાર્ય પૂર્ણ થયું.

● ૧૯૬૫ - ટી.એસ. ઇલિયટ - પ્રભાવશાળી કવિ - નાટ્યકારનું અવસાન.

● ૧૯૦૭ - સરસ્વતી ચંદ્ર મહાનવલકથાના લેખક ગોવર્ધનરામ માધવરાવ ત્રિપાઠીનું મુંબઇમાં અવસાન.

● ૧૯૩૨ - હિંદમાં સવિનય કાનૂન ભંગની ચળવળની શરૂઆત થઇ.

ગુજરાત મોસમી ગીચ જંગલો તરીકે કયાંના જંગલો વિખ્યાત છે?

વિષય : જંગલ અને ખનિજ ગુજરાત

(૧) ગુજરાતમાં વિશાળ પરિદૃશ્ય કયાં આવેલું છે?
(અ) ગાંધીધામ (બ) લીંબડી (ક) કચ્છનં નાનું રણ (ડ) ભૂજ

(૨) ગુજરાતમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્કસ સ્કીમ યોજના દ્વારા કયા ક્ષેત્રમાં રોકાણની નવી તકો વધી છે?
(અ) ઔદ્યોગિક ક્ષેત્રે (બ) વ્યવસાયિક ક્ષેત્રે
(ક) સર્વિસનાં ક્ષેત્રે (ડ) ઉપરોક્ત ત્રણેય

(૩) ગુજરાતમાં વિશાળ જીવસૃષ્ટિની ભૂમિ કઇ છે?
(અ) થોર (બ) ગીર (ક) જામનગર (ડ) નળ સરોવર

(૪) ગુજરાતમાં મોસમના મિજાજ ધાર કરતાં જંગલો કયાં આવેલા છે?
(અ) ગીર (બ) જામનગર (ક) ઇડર (ડ) ડાંગ

(૫) ગુજરાતમાં દરિયાઇ ટાપુ તરીકે કયાંના ટાપુ ઓળખાય છે?
(અ) પાલીતાણા ટાપુ (બ) પીરોટણનાં ટાપુ
(ક) ઇડરના ટાપુ (ડ) હીંગળાજપુરનાં ટાપુ

(૬) ગુજરાતમાં લીલાછમ્મ ઘાસોથી આચ્છાદિત ભૂમિ કઇ છે?
(અ) વિદ્યાનગર (બ) વેળાવદર (ક) ગાંધીનગર (ડ) મોરબી

(૭) દેશનાંકુલ રસાયણ ઉત્પાદનમાંગુજરાત રાજય કેટલાંટકાહિસ્સોધરાવેછે?
(અ) ૧૦ટકા (બ) ૧૫ટકા (ક) ૨૦ટકા (ડ) ૩૦ટકા

(૮) ગુજરાત મોસમી ગીચ જંગલો તરીકે કયાંના જંગલો વિખ્યાત છે?
(અ) ડાંગરના જંગલો (બ) ગીરનાં ગીચ જંગલો
(ક) ઇડરનાં ગીચ જંગલો (ડ) ભીલોડાનાં ગીચ જંગલો

(૯) ગુજરાતમાં કેટલા અબજ હેકટર્સનાં જંગલ વિસ્તાર ધરાવે છે?
(અ) ૨.૦૦ (બ) ૧.૫૦ (ક) ૧.૬૦ (ડ)૧.૮૮

(૧૦) ગુજરાતનો હિરા અને ઝવેરાત ઉદ્યોગ દેશની કુલ હિરા નિકાસમાં કેટલા ટકાનો હિસ્સો ધરાવે છે?
(અ) ૨૦ટકા (બ) ૮૦ટકા (ક) ૭૦ટકા (ડ) ૪૦ટકા

(૧૧) ગુજરાત ખનીજક્ષેત્રે કઇ પ્રાકૃતિક સંપદાની સમૃધ્ધ છે?
(અ) ચૂના (બ) કોલસો (ક) બોકસાઇટ (ડ) ઉપરોક્ત ત્રણેય

(૧૨) ભારતના ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોમાં એકલા ગુજરાત રાજયનો હિસ્સો કુલ કેટલા ટકાનો છે?
(અ) ૪૦ (બ) ૩૦ (ક) ૧૦ (ડ) ૨૦

(૧૩) રાજયની પિયત જમીનમાં અંદાજિત કેટલા લાખ હેકટર્સ બાગાયતી પાકો લેવામાં આવે છે?
(અ) ૭૫ (બ) ૭૫ (ક) ૧૦૯ (ડ)૧૬૦

(૧૪) ગુજરાતમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ સ્કિમ કઇ સાલમાં અસ્તિત્વમાં આવી?
(અ) ૨૦૦૧ (બ) ૨૦૦૨ (ક) ૨૦૦૩ (ડ) ૨૦૦૪

(૧૫) રોજગાર કેન્દ્રીય સ્કીમમાં ન આવતાં હોય કે હાઇટેક પાર્ક ન હોય તેવાં સંપૂર્ણપણે ફિક્સ મૂડી રોકાણ ધરાવતાં રૂપિયા કેટલા કરોડ કે તેથી વધુ કિંમતના પાર્કને ઈન્ડસ્ટ્રીયલ પાર્ક કહેવામાં આવે છે?
(અ) ૨૦ (બ) ૩૦ (ક) ૫૦ (ડ) ૪૦

● વિવિધા ●

વિષય :- જાન્યુઆરી માસનાં મહત્ત્વના દિવસો

- ૧ જાન્યુઆરી : નાગાલેન્ડ દિન, નૂતનવર્ષ દિન
- ૧૧ જાન્યુઆરી : લાલ બહાદુર શાસ્ત્રી પુણ્યતિથિ
- ૧૨ જાન્યુઆરી : યુવાદિન, વિવેકાનંદ જન્મજંયતિ
- ૧૪ જાન્યુઆરી : મકરસંક્રાતિ
- ૧૫ જાન્યુઆરી : થલસેના દિન
- ૨૧ જાન્યુઆરી : મેઘાલય, મણિપુર, ત્રિપુરા દિન
- ૨૩ જાન્યુઆરી : સુભાષચંદ્ર બોઝનો જન્મદિન
- ૨૬ જાન્યુઆરી : પ્રજાસત્તાક દિન
- ૩૦ જાન્યુઆરી : શહિદ દિન, મહાત્મા ગાંધી પુણ્યતિથિ, રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણદિન

● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - પૂર્વ નાણામંત્રી વજુભાઇ વાળાએ કુલ કેટલી વાર વિધાનસભામાં બજેટ રજૂ કર્યું?

જવાબ - ૧૬ વાર

● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) આકાશ જી. પટેલ : સે-૨૩
(૪) મહેશભાઇ એમ. જાદવ : સે-૩૦
(૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ

● પૂછું એક સવાલ...?

(૧) પટેલ ઉત્પલ એન. : સે-૪થી
પ્રશ્ન - ભારતમાં સૌ પ્રથમ પોસ્ટની ટિકીટ ક્યાંખી અને ક્યારે પ્રસિધ્ધ થઇ.
જવાબ - ઇ.સ. ૧૮૫૨માં સિંધ ડાક, કરાંચી

(૨) વાઘેલા કામિની એન : સે-૨૪થી
પ્રશ્ન - વિશ્વ અન્નદિન ક્યારે ઉજવાય છે?
જવાબ - ૧૬ ઑકટોબર

(૩) મહર્ષિ. ચેતન બી : સે-૧૩થી
પ્રશ્ન - નેલીસેન ગુપ્તા કયા પક્ષના પ્રમુખ હતા?
જવાબ - કોંગ્રેસ પક્ષનાં

(૪) પટેલ ઋત્વિક એચ : સે-૨૮થી
પ્રશ્ન - બુડાપેસ્ટ શહેર કયાં દેશની રાજધાની છે?
જવાબ - હંગેરી

(૫) ગાંધી નિરજ એચ : સે-૨૦થી
પ્રશ્ન - બ્રિટનનું શેફીલ્ડ શહેર કઇ નદી કિનારે વસેલું છે?
જવાબ - ડૉન નદી

● આ સપ્તાહનો સવાલ...?

કેન્દ્ર સરકારમાં શ્રી શશી થરૂર કયાં વિભાગનાં મંત્રી છે?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર

● સાચા જવાબો :-

૬ (૫૧) ૫ (૨૧) ૬ (૬૧) ૫ (૬૧) ૬ (૧૧) ૫ (૦૧)
૬ (૭) ૫ (૭) ૬ (૭) ૫ (૩) ૫ (૫) ૫ (૨) ૬ (૬) ૬ (૬) ૬ (૧)

જેવો બાપ તેવી બેટી

એકવાર બીરબલ બિમાર પડ્યો, એટલે ઘણા દિવસો સુધી દરબારમાં આવી શક્યો નહીં. બાદશાહને એના વિના ચેન પડે નહીં. એક દિવસ અકબર દરબારનું કામકાજ ઝટપટ પૂરૂં કરી બિરબલને મળવા એને ઘેર ગયો. આંગણામાં બીરબલની દીકરી મળી. અકબરે એને ઉર્દૂ ભાષામાં પૂછ્યું, "દીકરી, તારા પિતાજી ઘેર છે?"

બીરબલની દીકરીએ પણ ઉર્દૂ ભાષામાં જવાબ આપ્યો. "હા, ઘરે છે." તેથી અકબરને નવાઇ લાગી. એણે દીકરીને વધુ પરીક્ષા કરવા ઉર્દૂમાં જ બીજા પ્રશ્નો પૂછ્યા. એ બધા જ પ્રશ્નોના એણે સરસ રીતે જવાબ આપ્યા. અકબરને ખાતરી થઇ કે છોકરી બરાબર એના

બાપ જેટલી જ ચબરાક છે. આથી અકબરને છોકરીની ચતુરાઇથી પણ પરીક્ષા કરવાની ઇચ્છા થઇ. તેથી પૂછ્યું, "દીકરી, તને ઉર્દૂ ભાષા ખૂબ સારી રીતે આવડે છે?"

છોકરી બોલી, "હા, થોડી ઘણી એટલે શું?"

છોકરી કહે, 'હૂજૂર! જેમને ઉર્દૂ ભાષા સારી રીતે આવડે છે તેમની સરખામણીમાં થોડી અને જેમને ઉર્દૂ ભાષા ઓછી આવડે છે તેમની સરખામણીમાં ઘણી.'

દીકરી પણ બીરબલ જેવી જ ચતુર છે એ જાણી અકબર ખુશ થઇ ગયો. એણે રાજી થઇને એને બક્ષિસ આપી. પછી બીરબલના ખબર-અંતર પૂછવા અંદર ગયો અને બીરબલને એની ચતુર દીકરી માટે અભિનંદન આપ્યાં.

ડોલ્ફીન

શું તમારી મનપસંદ માછલી ડૉલ્ફીન છે?

જો હા, તો એકવાર ફરીથી વિચારી લેજો, કારણ કે ડૉલ્ફીન માછલી નથી.

તે એક સ્તનધારી પ્રાણી છે.

ડૉલ્ફીન પુરાં વિશ્વમાં દરિયા અને નદીઓમાં જોવા મળે છે. તે સમૂહમાં રહેવાનું પસંદ કરે છે.

ડૉલ્ફીનનું મોં થોડું અણીદાર હોય છે. તેની એક ખાસિયત છે. તે ફ્રુજારીવાળો અવાજ કાઢે છે, જે કોઇ પણ વસ્તુ સાથે અથડાઇને પાછો ડૉલ્ફીન પાસે આવી જાય છે. તેનાથી ડૉલ્ફીનને ખબર પડી જાય છે કે શિકાર કેટલો મોટો અને દૂર છે. પછી તે સહેલાઇથી શિકાર કરી લે છે.

ચીતરતાં શીખીએ : ઘુવડભાઈ ઘુવડભાઈ !

આ ચિત્ર જુઓ, ઘુવડભાઇનું અર્ધું ચિત્ર છે. હવે તમારે પેન્સિલ લઇને આ ચિત્ર પૂરૂં કરવાનું છે. જેવું આ અર્ધું ચિત્ર છે તેવું જ સામે દોરી દો.

ગુજરાતને જાણો

- સંગીતકાર બૈજુ બાવરા ગુજરાતના કયા શહેરના 'રત્ન' હતા? - ચાંપાનેર
- ગુજરાતની પ્રથમ કીડની હોસ્પિટલ કયા શહેરમાં આવેલી છે? - નડિયાદ
- કયા મુસ્લિમ રાજાએ સોમનાથ પર સત્તર વખત આક્રમણ કર્યું હતું? - મહેમૂદ ગઝનવી
- ભારતનું એકમાત્ર એવું રેલ્વે સ્ટેશન જયાં ફુલી તરીકે સ્ત્રીઓ કામ કરે છે? - ભાવનગર
- ઐતિહાસિક રાણકી વાવ કયા શહેરમાં આવેલી છે? - પાટણ
- ગુજરાતમાં નર્મદા નદી કયા સ્થળેથી પ્રવેશ કરે છે? - ચાંદોદ

બાળ મિત્રો,

સ્વામી વિવેકાનંદને તમે સૌ જાણો છો. તેમણે સૌને કહ્યું છે કે 'નિર્ભય' બનો. એટલે કે અચાનક કોઇ વાર એવી પરિસ્થિતિ ઉભી થાય કે જેમાં તમે ગભરાઇ જાઓ.

ત્યારે થોડી હિંમત ભેગી કરીને જે તે પરિસ્થિતિનો સામનો કરો.

તેના સમર્થનમાં તેઓ એક પ્રસંગ કહેતા.

એકવાર સ્વામી વિવેકાનંદ વારાણસીના દુર્ગામાતાના મંદિરથી આવતા હતા. ત્યારે વાંદરાઓનું ટોળું પાછળ પડ્યું. સ્વામીજી દોડવા લાગ્યા. એટલે વાંદરા હૂપ હૂપ કરતા એમની પાછળ પડ્યા. એ જોઇ એક સાધુએ કહ્યું, ''ડરો મત, હિંમત સે સામના કરો, ભાગો મત.'' આ સાંભળી સ્વામીજી વાંદરાના ટોળા સામે ઊભા રહી ગયા. તરત જ વાંદરાઓની કનડગત બંધ થઇ ગઇ અને નાસી ગયા.

આપણને આ પરથી બોધપાઠ મળે કે કશાયથી ડરવું નહિ. હિંમતપૂર્વક સામનો કરવો.